# <u>પ્રવચનના મુદ્દા</u>

- ગીતા જ્ઞાન – વૈશ્વિક જીવન જીવવાની પદ્ધતિ
- બ્રહ્માંડના રહસ્યોની જાણકારી.
- ગીતા જ્ઞાન એટલે – પ્રકાશ.
- પ્રકાશની પૂજા –

**શ્લોક :** **ओम (ॐ) असतो मा सद्गमय।**
**तमसो मा ज्योतिर्गमय।**
**मृत्योर्मामृतं गमय ॥**
**ओम (ॐ) शान्ति शान्ति शान्तिः ॥**

## (૧) <u>કર્મયોગ</u>

- (૧) અર્જુનવિષાદ યોગ (૨) સાંખ્ય યોગ (૩) કર્મ યોગ (૪) જ્ઞાનકર્મસન્યાસ યોગ (૫) કર્મસન્યાસ યોગ (૬) આત્મસંયમ યોગ

## (૨) <u>ભકિત યોગ</u>

- (૭) જ્ઞાનવિજ્ઞાન યોગ (૮) અક્ષરબ્રહ્મ યોગ (૯) રાજવિધ્યારારાજગુહ્ય યોગ (૧૦) વિભૂતિ યોગ (૧૧) વિશ્વરૂપદર્શન યોગ (૧૨) ભકિત યોગ

## (૩) <u>જ્ઞાનયોગ</u>

- (૧૩) ક્ષેત્રક્ષેત્રજ્ઞ યોગ (૧૪) ગુણત્રયવિભાગ યોગ (૧૫) પુરૂષોત્તમ યોગ (૧૬) દેવાસુરસંપદ્વિભાગ યોગ (૧૭) શ્રધ્ધાત્રયવિભાગ યોગ (૧૮) મોક્ષસન્યાસ યોગ

- મુંડક ઉપનિષદમાં વિદ્યાના બે પ્રકાર છે.
    - **પરા વિદ્યા – અપરા વિદ્યા**
- ગીતા એટલે સાર્વત્રીકપણુ, મારાપણુ નહીં....

**શ્લોક :** **धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः।**
**मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय।।**

- શ્રી નરેન્દ્રભાઈ મોદી – NEP 2020
- જી–૨૦માં વસુધૈવ કુટુમ્બકમની ભાવના
- દુનિયામાં યોગ પહોંચ્યો.
- હવે ગીતાના વિચારો પહોંચશે.

- આપણા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે તારીખ ૨ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ જાપાનના મહારાજાને ગીતાજીનું પુસ્તક ભેટ આપતા કહેલું કે, "મારી પાસે અને સમગ્ર વિશ્વની પાસે આપને આપવા માટે ગીતાજીથી ઉત્તમ કોઈ ગ્રંથ હોઈ જ ન શકે"

- **ભારતીય સંસ્કૃતિમાં સદ્ભાવના**

| સત્ય | પ્રેમ | કરૂણા |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| નિર્ભયતા ગાંધીજી | ત્યાગ મીરા નરસિંહ મહેતા | અહિંસા–સેવા |

**સમ્રાટ અશોક – અબ્રાહમ લિંકન – ટોલ્સ ટોય**

- **કૃષ્ણની વાત** : સામાન્ય માણસ વિષયોનું ચિંતન કરે છે.
- તુ જે ચિંતન કરીશ તેવા અવતારને પામીશ
- ચિંતન.....
- સિગ્મંડ ફ્રોઈડ પણ કહે છે.
- $Al^{+3}$ પર કેથોડનો મારો ચલાવવો.
- ગીતા ચિંતક બનાવે છે, એકવાર તત્વજ્ઞાન સ્પર્શી ગયુ તો આપો આપ જ્ઞાનની સરવાણી વહ્યા કરે.
- કીટ ભ્રમર ન્યાય

- કર્મ કર – ફળની આશા ન રાખ
    - કર્મ કર તેવું જ ફળ પ્રાપ્ત
        - **ન્યુટનનો ગતિનો ત્રીજો નિયમ**
    - કર્મનો પટ્ટો – પીપળાની કુપળ
    - કર્મ નષ્ટ થતો નથી.
    - ઉર્જા નષ્ટ થતી નથી : $E = MC^2$

**શ્લોક** :**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि॥**

- ગીતામાં યજ્ઞના પ્રકાર

**શ્લોક :** **यज्ञशिष्टाशिनः सन्तो मुच्यन्ते सर्वकिल्बिषैः ।**
**भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात् ॥**

**પૃથ્વીની બહાર આવરણ તરફ પ્રયાણ કરવું.**

- તમે ગમે તેવું કાર્ય કરો તો પણ દંભી લોકો – અસૂરી વૃત્તિ બતાવશે – શીશુપાલ – વૃત્તિ

**શ્લોક :** **दम्भो दर्पोऽभिमानश्च क्रोध: पारुष्यमेव च |**
**अज्ञानं चाभिजातस्य पार्थ सम्पदमासुरीम् ||**

- તુ કર્મ કરીને નિમિત્ત બન.
- બધુ જ મારા ચરણોમાં ધરી દે – GST, 370, સર્જીકલ સ્ટ્રાઈક

**શ્લોક :** **यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् |**
**यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ||**

- યુવાન તુ યોગક્ષેમની ચિંતા ન કર

**શ્લોક : अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥**

- ઈચ્છા – તૃપ્તિ વચ્ચેનો ભેદ
- જીત – મનની સાચી છે.
- જયાં જવાનું છે, ત્યાં લઈ જશે.
- પરાક્રમ વૃત્તિ – જુકેગા નહી
- નિર્ભયતા

- નિષ્ઠાવાન
- સ્થિત પ્રજ્ઞતા
- ગીતા સંસારીઓ માટે છે – પૂ.દાદા
- સન્યાસી – યોગી કોણ..

**શ્લોક : अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः।**
**स संन्यासी च योगी च न निरग्निर्न चाक्रियः।।**

- પુરૂં બ્રહ્માંડ ગતિશીલ છે – સત્ય છે, કર્મ પણ સત્ય છે. – **સરદાર સાહેબ**
- બધુ જ પરિવર્તનશીલ છે, તું નિમિત્ત માત્ર છે.

- **તેજસ્વીતાનું પુજન** – સ્વામી વિવેકાનંદ – નચિકેતા
- **સુખ પ્રાપ્તિ માટે શું કરવું?** – અપમાન–માન–મિત્ર–વેરી–સુખ દુ:ખ

**શ્લોક : मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः।**

**सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते।।**

- પ્રદુષણના પ્રકાર
- જીવન સ્વચ્છ માટે
- ગીતા ને પર્યાવરણ
- દિવ્ય જીવનની પધ્ધતિ

- હ્દયની શુધ્ધતા કેવી રીતે?
  - **આંતરિક સંસ્કારો**

  શ્લોક : कर्मेन्द्रियाणि संयम्य य आस्ते मनसा स्मरन् |
  इन्द्रियार्थान्विमूढात्मा मिथ्याचार: स उच्यते ||

- શિક્ષણ સાધારણ નહી હોતા હૈ

  પ્રબળ – નિર્માણ તેની ગોદમાં હોય છે.

- ગુજરાતના હે મારા ગુરૂજનો… આપનું કર્મ શ્રેષ્ઠ છે.

  **શ્લોક :** तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।
  उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः।।

- આશકિત / અનાશકિત વૃત્તિ
- બ્રહ્મ સત્ય – જગત મિથ્યા ..... શંકરાચાર્યજી
- ગીતાના સંદેશ સાથે

**સાઉથમાં :** (૧) તિરૂવલ્લુવર (૨) નાંબિ (૩) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન (૪) કુમારિલ ભટ્ટ (૫) રામાનુજાચાર્ય

**મહારાષ્ટ્ર :** વીર સાવરકર, જ્યોતિબા ફુલે, છત્રપતિ શિવાજી, અગસ્ત ઋષિ

**ગુજરાત :** કૃષ્ણ, સ્વામિનારાયણ ભગવાન, વૈષ્ણવ સંપ્રદાયની બેઠક, સોમનાથ જયોતિર્લિંગ, સ્વામિ આત્માનંદ સરસ્વતિ, શ્યામજી કૃષ્ણ વર્મા, ગાંધી, સરદાર સાહેબ, ઉમાશંકર જોષી, કૃષ્ણકુમારસિંહજી,
નરસિંહ મહેતાનું – વૈષ્ણવ જન તો.

**વેસ્ટ બંગાળ :** સ્વામિ વિવેકાનંદ, રામકૃષ્ણ પરમહંસ, ડૉ.શ્યામાપ્રસાદ મુખર્જી, રવિન્દ્રનાથ ટેગોર

**ઉત્તરમાં :** હર્ષ – ખંડન ખંડ ખાદ્ય ગ્રંથ

**મધ્યમાં :** સંત તુકારામ, કૃષ્ણ, રામ, એકલવ્ય, ગુરૂ ગોવિંદસિંહ, જયદેવનું ગીત ગોવિંદમ, ગુણાઢયનું ગાન

- બ્રહ્મ સત્ય – જગત મિથ્યા ..... શંકરાચાર્યજી

**<u>અધ્યાય–૧ : અર્જુન વિષાદ યોગ</u>** :

- સંશય, ઉત્કંઠા, જીજ્ઞાસાની સ્થિતિ અનિવાર્ય Learn Unlearn Relearn

**<u>અધ્યાય–૨ : સાખ્યા યોગ</u>** :

- हृदय दौर्बल्यम त्यक्तवोतिष्ठ હૃદયની દુર્બળતા ત્યાગી ધ્યેય તરફ આગળ વધવું. શ્લોક ૪૭ करमण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन.. કર્મ કર્યે જા,ફળની ચિંતા ન કર. કર્મ ફળના વિષયમાં સમતા રાખવી.

**<u>અધ્યાય–૩ : કર્મ યોગ</u>** :

- સમત્વ બુધ્ધિ, સ્વધર્મ બુધ્ધિ,સમર્પણ બુધ્ધિથી કર્મ કરવું. શ્લોક–૩ : સાખ્યયોગ અને કર્મયોગ દ્વારા નિષ્ઠા

**અધ્યાય–૪ : જ્ઞાનકર્મ સન્યાસ યોગ** :

- સ્વની સમજ, ફરજ પ્રત્યે વફાદારી, પોતાની ફરજ સ્વીકારવી.
- અલગતા અને સમાનતા : આત્મ–શંકા અને ભય પર કાબુ મેળવવો.
- જ્ઞાન અને આત્મ–અનુભૂતિની શોધ.
- માઈન્ડ ફુલનેસ અને ધ્યાન કેળવવું.

**અધ્યાય–૫ : કર્મ સન્યાસ યોગ** :

- કર્તાપણાનો ત્યાગ, જીતેન્દ્રીય કર્મયોગીના લક્ષણો

**અધ્યાય–૬ : આત્મ સંયમ યોગ :**

- મન નિયંત્રણ અને વિચલન (૬.૫ – ૬.૧૦)
- તૈયારી કરવાની પધ્ધતિ (૬.૧૧ – ૬.૧૨)
- ધ્યાનની પ્રક્રિયા (૬.૧૩ – ૬.૧૪)
- યોગ પ્રક્રિયામાં સંપૂર્ણતા (૬.૧૮ – ૬.૨૮)
- અસફળ યોગીનું ગંતવ્ય (૬.૩૭ – ૬.૪૬)
- કર્મ સન્યાસ કરતાં કર્મ યોગ શ્રેષ્ઠ

**<u>અધ્યાય–૭ : જ્ઞાન વિજ્ઞાન યોગ</u> :**

- પરા પ્રકૃતિ – અપરા પ્રકૃતિ, નિષ્કામ યોગ, સર્વગ્રાહી અભિગમ, સ્વ સંકલ્પના

**<u>અધ્યાય–૮ : અક્ષર બ્રહ્મ યોગ</u> :**

- કૃષ્ણ બ્રહ્મ, આત્મા અને કર્મની ચોકકસ વ્યાખ્યાઓ સાથે અધ્યાયની શરૂઆત કરે છે. સ્વજ્ઞાન.. મુકિત તરફની ગતિ પરમ તત્વ, આત્મા અને સ્વત્વની સમજ.

## અધ્યાય–૯ : રાજ વિદ્યારાજગુહ્ય યોગ :

- વિજ્ઞાન સહિતનું જ્ઞાન એ શિક્ષણનો રાજા છે, જે જીવનના તમામ રહસ્યોમાં સૌથી વધુ ગુઢ છે. તે સૌથી શુધ્ધ જ્ઞાન છે, તે સાક્ષાત્કાર દ્વારા સ્વની પ્રત્યક્ષ સમજ આપે છે, તે ધર્મની સંપૂર્ણતા છે. તે શાશ્વત છે, અને તે આનંદપૂર્વક પ્રાયોજવામાં આવે છે. નિષ્કામભાવે કરેલું કર્મ योग क्षेमं वहाम्यहम..

## અધ્યાય ૧૦ : વિભૂતિ યોગ:

- ભક્તિની ભૂખ, જિજ્ઞાસાની ચરમસીમાએ પહોંચી  જ્ઞાન પ્રાપ્તિ શક્ય.. અખિલ બ્રહ્માંડમા એક તુ શ્રી હરિ.... અહમ બ્રહ્માસ્મિ....શુદ્ધિ.. થી વિશુદ્ધિ...

## અધ્યાય ૧૧ : વિશ્વરૂપ દર્શન યોગ:

- ભ્રમિત મન પોતાની મેળે ભ્રમણામાંથી બહાર આવી શકતું નથી, તે ગુરુ કૃપાથી જ થઈ શકે છે; તેને માર્ગ દર્શક–પથ દર્શકની જરૂર છે. જે વ્યક્તિ પાણીમાં ડૂબી રહ્યો છે, તે પાણીમાંથી કૂદી શકતો નથી કારણ કે તે ડૂબી રહ્યો છે. જો તે તરી શકતો હોત, તો તે તર્યો હોત. Learning by doing... પ્રક્રિયા માંથી પસાર થઈ પ્રાપ્ત થયેલું જ્ઞાન ચિરસ્થાયી બને છે..

**<u>અધ્યાય ૧૨ : ભક્તિ યોગ</u>:**

- આ અધ્યાય વ્યક્તિમા 39 ગુણ સૂચવે છે જેમાંથી એક પણ ગુણ જીવનભર કેળવી શક્યા તો જીવન ઉત્સવ બની રહે... સત્ય, નિષ્કામ પ્રેમ, કરુણા , સ્થિર બુદ્ધિ, સમતા, શ્રદ્ધા, કર્મ ફળ ત્યાગ.... ત્યાગી ને ભોગવી જાણો ...

**<u>અધ્યાય ૧૪ : ગુણત્રયવિભાગ યોગ</u>** :

- આ પ્રકરણમાં, ભૌતિક ઊર્જાનો સ્વભાવ સમજાવે છે, જે શરીર અને તેના તત્વોનો સ્ત્રોત છે. આમ, તે મન અને દ્રવ્ય બંનેની ઉત્પત્તિ છે. ભૌતિક પ્રકૃતિ ત્રણ ગુણો (પદ્ધતિઓ) થી બનેલી છે – સત્વ (સારાપણું), રજસ (ઉત્સાહ) અને તમસ (અજ્ઞાન)

## અધ્યાય ૧૫ : પુરુષોત્તમ યોગ :

- ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ... નાશવંત.. અવિનાશી અને પરમ તત્ત્વની સમજ ભૌતિકવાદ થી પાર અધ્યાત્મવાદ સુધી નો સ્વ વિસ્તાર

## અધ્યાય ૧૬ : દૈવાસૂરસંપન્દ્વિભાગ યોગ :

- પરમ દિવ્યપુરુષે કહ્યું: હે ભારતવંશી, આ દિવ્ય સ્વભાવથી સંપન્ન લોકોના પવિત્ર ગુણો છે – નિર્ભયતા, મનની શુદ્ધતા, આધ્યાત્મિક જ્ઞાનમાં અડગતા, દાન, ઈન્દ્રિયો પર નિયંત્રણ, ત્યાગ, પવિત્ર પુસ્તકોનો અભ્યાસ, તપસ્યા, સરળતા, અહિંસા, કર્તવ્ય અને કર્તવ્યની સમજ કામ, ક્રોધ, લોભ, ત્યાગી કલ્યાણ માર્ગે આગળ વધવું

## અધ્યાય ૧૭ શ્રદ્ધાત્રયવિભાગ યોગ :

- સત્વ રજસ અને તમસ પ્રકૃતિની આહાર  વિહાર વિચાર પર અસર... કર્મયજ્ઞ એજ કર્તવ્ય.. મનનો નિગ્રહ મનની પ્રસન્નતા અને અંતઃકરણના ભાવોની પવિત્રતા એ મનનું તપ...

  ऑम त्त सत...સત ચિત આનંદ...

## અધ્યાય ૧૮ મોક્ષસન્યાસ યોગ :

- જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેય આ ત્રણ પ્રકારના કર્મના પ્રેરક...કર્તા...કરણ... ક્રિયા...ત્રણ પ્રકારના કર્મ સાધનોની સમજ... પ્રવૃતિ માર્ગ અને નિવૃત્તિ માર્ગ...પરમ તત્વને અનુભવી અજ્ઞાન માંથી ઊપજેલ મોહને ત્યાગી કર્મ કરે જવું ફળની ચિંતા ન કરવી...

- **<u>આદિ શંકરાચાર્યના મતે</u>**
    - "ભગવદ ગીતાના સ્પષ્ટ જ્ઞાનથી માનવ અસ્તિત્વના તમામ ધ્યેયો સિધ્ધ થાય છે. ભગવદ ગીતા એ વૈદિક ગ્રંથોના તમામ ઉપદેશોનો પ્રગટ સાર છે."

**મહર્ષિ અરવિંદ કહે છે કે,**

- "ભગવદ ગીતા એ માનવજાતનો એક સાચો ગ્રંથ છે. જે પુસ્તકને બદલે **<u>જીવંત રચના</u>** છે, જેમાં દરેક યુગ માટે નવો સંદેશ અને દરેક સંસ્કૃતિ માટે નવા અર્થ છે.

**મહાત્મા ગાંધી કહે છે તે મુજબ,**

- "જ્યારે શંકાઓ મને ત્રાસ આપે છે, જ્યારે નિરાશાઓ મને ચહેરા પર જુએ છે અને મને ક્ષિતિજ પર આશાનું એક કિરણ દેખાતું નથી, ત્યારે હું ભગવદ ગીતા તરફ વળું છું અને મને દિલાસો આપવા માટે એક શ્લોક શોધું છું, અને જબરજસ્ત દુઃખની વચ્ચે હું તરત જ સ્મિત કરવાનું શરૂ કરૂં છું. જે લોકો ગીતાનું ધ્યાન કરે છે, તેઓ દરરોજ તેમાંથી નવો આનંદ અને નવા અર્થો મેળવશે."

**શ્રી રામકૃષ્ણ કહે છે તે મુજબ,**

- "એ જાણીને તે દૈવી જ્ઞાન મેળવો કે જે જાણવાનું બાકી નથી!" આવી વ્યકિત માટે જ્ઞાન અને અજ્ઞાનનો એક જ અર્થ છેઃ શું તમને ભગવાનનું જ્ઞાન છે? જો હા, તો તમે જ્ઞાની! જો નહીં, તો તમે અજ્ઞાની છો. ગીતામાં કહ્યું છે તેમ, અધ્યાય ૧૩/૧૧ આત્મનંશ જ્ઞાન, દરેક જગ્યાએ સાચા જ્ઞાનના પદાર્થ એટલે કે, ભગવાનનું અવલોકન, આ બધું સાચું જ્ઞાન (શાણપણ) તરીકે જાહેર કરવામાં આવ્યું છે, આની વિરૂઘ્ઘ જે છે તે અજ્ઞાન છે." શ્રીમદ ભગવદ ગીતા માત્ર ભારતનો જ નહીં સમગ્ર વિશ્વનો માર્ગદર્શક ગ્રંથ બની રહ્યો છે. પાશ્ચાત્ય અધ્યેતાઓ શ્રીમદ ભગવદ ગીતા વિશે જણાવે છે તે મુજબ,

**આલ્બર્ટ આઈન્સ્ટાઈન (વૈજ્ઞાનિક**

- "જયારે હું ભગવદ ગીતા વાંચુ છું અને ભગવાને આ બ્રહ્માંડની રચના કેવી રીતે કરી તેના વિશે ચિંતન કરૂં છું ત્યારે બાકીનું બધું જ અનાવશ્યક લાગેછે. મેં ભગવદ ગીતાને મારી પ્રેરણા અને માર્ગદર્શકના મુખ્ય સ્ત્રોત તરીકે વૈજ્ઞાનિક તપાસ અને મારા સિધ્ધાંતોની રચનાના હેતુ માટે બનાવ્યું છે.

**હેનરી ડેવિડ થોરો (અમેરિકન લેખક, કવિ)**

- "સવારે હું મારી બુધ્ધિને ભગવદ ગીતાની અદભુત અને વૈશ્વિક ફિલસૂફીમાં સ્નાન કરૂં છું, જેની સરખામણીમાં આપણું આધુનિક વિશ્વ અને તેનું સાહિત્ય તુચ્છ અને તુચ્છ લાગે છે.

## હર્મન હેન્સ (સાહિત્યમાં નોબંલ પારિતોષિક મેળવનાર)

- ભગવદ ગીતાની અજાયબી એ જીવનની શાણપણનો ખરેખર સુંદર સાક્ષાત્કાર છે. જે તત્વ જ્ઞાનને ધર્મમાં ખીલવા માટે સક્ષમ બનાવે છે.